# 2101000106020007

# EXAMINATION FEBRUARY-MARCH 2024

# BACHELOR OF ARTS (THIRD YEAR) (SIXTH SEMESTER)

# GUJARATI - XXII - B ( UN SEAN )

# GUJARATI - XXII - A ( LITERARY JOURNALISM ) - LEVEL 2

[**Time: As Per Schedule]** **[Max. Marks: 50]**

**Instructions:**
**1. Fill up strictly the following details on your answer book**
   a. Name of the Examination : **BACHELOR OF ARTS(THIRD YEAR) (SIXTH SEMESTER)**
   b. Name of the Subject : **GUJARATI - XXII - B ( UN SEAN ) GUJARATI - XXII - A ( LITERARY JOURNALISM ) - LEVEL 2**
   c. Subject Code No : **2101000106020007**
2. Sketch neat and labelled diagram wherever necessary.
3. Figures to the right indicate full marks of the question.
4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student's Signature

**Q.1 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે પાંચ)** **10**

1. રાજેન્દ્ર શાહ કયા તખ્ખલુસ નામથી જાણીતા હતા ?
2. રમેશ પારેખના બે કાવ્યસંગ્રહોના નામ લખો.
3. 'તિરોધાન' સંજ્ઞાનો અર્થ સ્પષ્ટ કરો.
4. કવિતાના આસ્વાદકે વિવરણ કરતી વખતે કઈ બાબત લક્ષમાં રાખવી જોઈએ ?
5. વિરેચન સંજ્ઞાની ચર્ચા કરનાર વિદ્વાનોના નામ લખો.
6. છંદમાં ગણ કેટલા છે ? તેનું એકાક્ષરી નામ જણાવો.
7. પૃથ્વી છંદનો પ્રકાર જણાવી બંધારણ સ્પષ્ટ કરો.
8. છંદના પૂરેપૂરા માપવાળી એક લીટીની કાવ્ય પંક્તિને શું કહેવામાં આવે છે ?

**Q.2 કવિ સર્જકની કેફિયતને આધારે કોઈપણ એક સર્જકની સર્જન પ્રક્રિયાનો પરિચય કરાવો.** **13**

1. હરીન્દ્ર દવે
2. ચિનુ મોદી
3. ઉમાશંકર જોશી

**Q.3** કાવ્યકૃતિનો આસ્વાદ કરાવો. **13**

આભમાં છાયો મેઘ તે એનો છાક છવાયો
આજ કેવો રે વનમાં !
હમણાં આખું આભ વરસશે, હમણાં અરે
ધરતી રેલમછેલ થવાની,
વન હતું કે દરિયો પીળો, પળમાં એની
વસમી રે એ ઘાત જવાની,
વાયરે ફૂંપી ઠાલવી દીધી તાજપની તનમનમાં,
સંગા કેવો રે વનમાં !
વનની જાયા વનને મારગ ટોક આંજી
નીકળી પડી પળમાં,
સાદ કરે એને જોડિયા પાવે સૂર સુરીલા
કોણ ઝળૂબે જળમાં !
વરસ્યાં પહેલાં વરસ્યો અરે ! કેટલો કોઈ મનમાં,
આજ કેવો રે વનમાં !
ડાળીએ હશે જેટલાં પંખી એટલાં એનાં

નેણમાં તરે સમણાં,

પગ છબે ના ધરતીએ એના, એમ કે જાણે

ઊડશે હંસી હમણાં,

નીલરૂપેરી ઝરણાં વચ્ચે વિહરતી ચિતવનમાં,

ઠાઠ એવો રે વનમાં !

**- ઉષા ઉપાધ્યાય**

**અથવા**

ચાવી રૂપ સંજ્ઞાઓનો સોદાહરણ પરિચય કરાવો.

1. સંન્નિધિકરણ
2. પીઠઝબકાર

**Q.4** **(અ) મનહર, શિખરિણી, ઝૂલણાં, શાર્દૂલવિક્રીડિત - પૈકી કોઈપણ બે છંદ ઉદાહરણ સહિત સમજાવો**, **7**

**(બ) કોઈપણ બેના છંદ ઓળખાવી બંધારણ સમજવો.** **7**

1. "દોરાતો આ પ્રિયજન કને આમ આશા ધરીને."
2. "સુણીને પ્રશંસા હંસથી નળરાયને મનથી વરી."
3. "મૂકે છે દોટ લેતી ધુમરડી ડમરી હો સફાળી ન જાગી ?"
4. “સતત રણ મેદાનો ખૂંધાં પ્રહાર વૃથા કર્યાં કંઈક હુમલા આવ્યા એવા કળે શમાવી લીધા.”

*****